# વિક્રમ સંવત ૨૦૭૫નું મેદનીય ફળાદેશ

- અંબારામ દા. પટેલ

વેગ મળશે. ચલણી ફૂગાવો કાબુમાં રાખવા માટે ઘણો યત્ન કરવો પડશે. દશમા ભાવ સંબંધી જોતાં અધિકાર રૂઢ પક્ષમાં ઘણોજ મહત્વનો ફેરફાર થશે, જે આખાય રાજતંત્રનો જુદો જ વળાંક આપશે. ચતુર્થ સ્થાન સંબંધી બાબતો તળાવો, નહેરો, રસ્તાઓ વિગેરે સાર્વજનિક લોકહિતના કાર્યો સારાં થશે. શિક્ષણ ખાતુ આ બાબતને લગતી સંસ્થાઓ, શાળા કોલેજો, મનોરંજનના સાધનો, વિહારગૃહો બાળકોમાં ચોક્કસ નિદાન કરવાની પદ્ધતિઓનો પણ વિકાસ થશે. નવી સારી દવાઓની શોધો લોકો માટે ઉપયોગી રહેશે. ફોટોગ્રાફી, પ્રિન્ટીંગની કલામાં ઘણો સુધારો થશે. કત્રિમ મોતી, હીરા ઉદ્યોગ સંબંધ પણ સુધારા જણાશે. વીમાક્ષેત્રે નવીનતા મળશે. નહેરોની સંખ્યાથી ખેડીવાડીને પાણી મળશે. પરંતુ ઉત્પાદનનો નફો મુડીવાદી લોકોના હાથમાં જતાં તેઓનાં ખીસ્સાં ગરમ થશે. દેશને સંરક્ષણ માટે આધુનિક શસ્ત્રો માટે ઘણો ખર્ચ કરવો પડશે. ખનીજતેલ, પેટ્રોલ તથા તેના પદાર્થોમાં આ ક્ષેત્રે પ્રગતિ થશે. ઓટો-મોબાઈલ ઈન્ડસ્ટ્રીઝમાં ઘણો વધારો થશે. આમ નવીન કાર્યરચના ક્ષેત્રે પણ હરણફાળ જોવા મળશે.

## વિક્રમ સંવત ૨૦૭૫

**ચૈત્રી સંવત્સર ૧૯૪૧ના પ્રારંભે કલિયુગના ગત (ગયેલાં) વર્ષ ૫૧૨૦ છે તેથી કળિયુગ બાકી રહેતાં ૪,૨૬,૮૮૦ વર્ષ છે.**

શ્રાવણ વદી તેરશને રવિવારે આશ્લેષા નક્ષત્રે વ્યતિપાત્ર યોગમાં, અર્ધી રાત્રીના સમયે કળિયુગનો આરંભ થયેલો છે તેવો ઉલ્લેખ જોવા મળે છે. કળિયુગના વર્ષોનું પ્રમાણ ચાર લાખ બત્રીસ હજાર વર્ષનું ગણાય છે.

કલીયુગમાં પાપના વસા પંદર, પુણ્યના પાંચ વસા થશે. માણસનું આયુષ્ય સો વર્ષનું થશે. શરીરની ઊંચાઈ સાડાત્રણ હાથની થશે. મોટા ભાગે માટીના વાસણ વપરાશે. તાંબાના નાણાથી વ્યવહાર ચાલશે. તીર્થોમાં ગંગાજી ગણાશે જ્યારે માણસોનો જીવ અન્નના આધાર પર રહેશે. પૃથ્વી ઉપરથી ગંગાનો પ્રભાવ કલીયુગમાં સાતમા વૈવ સ્વત મનુના અંતકાળમાં નાશ થશે. ગંગાનો પ્રભાવ જવાથી વિષ્ણુના ધર્મનો પ્રભાવ પણ નાશ પામશે. માણસો ધર્મ, કર્મથી રહિત થશે. આચાર વિચાર રહેશે નહિ. ગાયો દૂધ વગરની થશે, નદીઓમાં પાણી રહેશે નહિ, સૂર્ય અને ચંદ્રના ઘણાં ગ્રહણો થશે. ઔષધીઓ રસ રહીત થશે. નીચ માણસોનો પ્રભાવ વધશે. કુમાર્ગ વધશે. સ્ત્રી, પુરૂષ વચ્ચે અણ બનાવો વધશે. પુત્રો પિતાને દુઃખ આપશે. કળિયુગમાં મહાકષ્ટ ભોગવવામાં આવશે. કળીયુગમાં જીવનના સુખ કરતા મરણનું સુખ ઘણા દરજે ઉત્તમ છે. ઢોંગી, વૈરાગીનું પ્રમાણ વધશે. ખરા સંન્યાસીઓની વાત કોઈ સાંભળશે નહિ. કાળના પ્રભાવથી દિવસે દિવસે ધર્મ સત્ય પવિત્રતા, ક્ષમા, દયા, આયુષ્ય, બળ નાશ થશે. જે મનુષ્ય પાસે ધન હશે તે સદાચારી અને ગુણવિલ ગણાશે. જે વધારે બળવાન હશે તેજ ધર્મનિષ્ટ અને ન્યાયી ગણાશે. સ્ત્રી-પુરૂષના સંબંધમાં પ્રીતિજ કારણરૂપ થશે, ઉત્તમ કુળ અને ગોત્રાદિક ખપ લાગશે નહિ. લેવડ, દેવડમાં કપટ કરવામાં આવશે. ઉત્તમપણામાં રતિની કુશળતાનું કારણ ગણાશે. કુળના આચાર ઉપરથી ઉત્તમતા ગણાશે નહિ. બહુ બોલવાવાળા પંડિત ગણાશે. માતા, પિતા વિગેરે તિર્થ ગણાશે નહિ. વાળને તેલ નાખી સાફ રાખવા એજ શોભા ગણાશે. પરંતુ વિદ્યા શોભા ગણાશે નહિ. પોતાનું પેટ ભરવુ એજ પુરૂષાર્થ ગણાય. પરોપકાર પુરૂષાર્થ ગણાશે નહિ. જેમાં લુચ્ચાઈ વધુ હશે તે સત્યવાદી ગણાશે. ખરો સત્યવાદી સત્યવાદી ગણાશે નહિ. ઢોંગ દુષ્ટોથી પૃથ્વી ઘેરાઈ જશે. નિર્દય તેમજ ચોરના જેવી વૃત્તિવાળા નીચ રાજાઓ (રાજાશાહી હાલમાં નથી) સ્ત્રી, ધનનું હરણ કરવા માંડશે. અનાદષ્ટિથી, દુકાળથી, ઠંડીથી, તડકાથી, વરસાદથી, વિ. પ્રકોપથી પ્રજા દુઃખી થશે. મનુષ્યનું આયુષ્ય પ્રમાણ લગભગ હાલ પચાસથી સો વર્ષનું અંદાજે ગણી શકાય. એટલે હજુ કળિયુગનો પ્રભાવ પુરેપુરો આવ્યો નથી. કળિયુગના પ્રભાવમાં લોકોનું આયુષ્ય વીસ કે બહુ તો ત્રીસ વર્ષનું થશે. લોકોના શરીર ઠીંગણા થઈ જશે. પાખંડી ધર્મો વૃદ્ધિ પામશે. રાજસત્તા ચલાવતા ચોર જેવા થઈ જશે. મિથ્યા ભાષણ, વૃથા હિંસા વિગેરે અનેક પ્રકારની આજીવિકા લઈ લોકો બેસશે. ગાયો બકરી જેવડી થઈ જશે. સંબંધોમાં વહેવાઈ વહેવાઈ જ સંબંધો કહેવાશે. વરસાદમાં વીજળીઓ જ જોવામાં આવશે. વૃક્ષોમાં ખીજડાઓજ બાકી રહેશે. વેદના ધ્વનિ તથા ધર્મ કર્મથી રહિત થશે. કળિયુગ ઘણો ખરો વિતી ગયા પછી મનુષ્યોના ધર્મની રક્ષા માટે ઈશ્વર અવતાર ધારણ કરશે.

**કાળ ગણનાના કળિયુગના વર્ષો બાદ આ વર્ષે વિક્રમ સંવતથી ગણતાં વિક્રમ સંવત-૨૦૭૫ સાધારણ સંવત્સર છે. શાલિવાહન શાકે ૧૯૪૦ વિલંબી, સંવત્સર તથા શાકે ૧૯૪૧ વિકારી સંવત્સર રહેશે. શાકે ૧૯૪૧ના ચૈત્રી વર્ષના અધિકારીઓ**

(૧) આ વર્ષનો રાજા શનિ છે. (૨) પ્રધાનમંત્રી સૂર્ય છે. (૩) સસ્પેશ અગ્ર ધાત્યેશ (ખરીફ પાકનો સ્વામી મંગળ છે.) (૪) મેધેશ શનિ છે. (૫) રસેસ (રસકસતો) ગુરૂ છે. (૬) નિરસેશ (પાછલા શિયાળુ ધાન્યનો સ્વામી, ચંદ્ર છે.) (૭) કોષાધ્યક્ષ (ખજાનચી) બુધ છે. (૮) યુદ્ધેશ શનિ છે. (૯) દુર્ગેશ (સેનાપતિ) ચંદ્ર છે. (૧૦) છત્રેશ મંગળ છે. (૧૧) વ્યાપારેશ ગુરુ છે. (૧૨) વ્યવહારેશ શનિ છે.

રોહિણી નક્ષત્ર તટ ઉપર છે. મેધનો નિવાસી ધોબીના ઘેર છે. આ વર્ષે પુષ્કર નામનો મેધ, અને વજ્રદષ્ટ નામનો નાગ છે. સાધારણ નામના સંવત્સરનો સ્વામિ રવિ છે. સાધારણ સંવત્સરમાં વરસાદ સારો થાય. પશુઓની વૃદ્ધિ થાય, લોકો સુખી રહે, અન્નમાં ચૈત્ર માસમાં મંદી, વૈશાખ જયેષ્ઠ આપત્તિકારક રહે. આ વખતે અનાજમાં તેજી રહે. અષાઢમાં ભારે પવન ફૂંકાય. વરસાદ સાધારણ રહે. જ્યારે શ્રાવણમાં સારો વરસાદ પડે. ભાદરવા, આસોમાં ઓછો વરસાદ. કારતક માગશર ઉત્પાતકારક રહે. અન્નમાં તેજી, માધ, ફાગણમાં પશુઓનાં રોગે ચાલે, ધાતુઓ તેજ થાય.

### રાજાદિફળ :-

આ વર્ષે રાજા શનિ છે. ફળક્ષેત્રે જોતાં કષ્ટ, કલહ, બિમારી, વરસાદ ઓછો પડે. સરકાર પ્રજા વચ્ચે દંગલ, ચોરોનો ઉપદ્રવ, ખેતી ઘટે, અનાજ તેજ થાય, પાકને નુકશાન થાય, લોખંડ, સરસવ વગેરેમાં તેજી થાય. યુદ્ધેશ શનિ છે. યુદ્ધની શક્યતાઓ વધે, પશ્ચિમ ભારતમાં ઝગડા વધે, અનાજમાં તેજી રહે.

રસેશ ગુરુ હોવાથી ધન ધાન્યાદિ સારૂ પાકે. વરસાદ સારો પડે, રસકસતા ભાવ ઘટે. કેસર, ચંદન, સોનાની ઉપજ થાય.

ખરીફ પાકનો સ્વામી મંગળ હોવાથી ખેતીમાં હાનિ થવાની શક્યતાઓ રહે. રક્તની બિમારીઓ વધે, વરસાદ ઓછો પડે, પશુઓનાં રોગ, અગ્નિકાંડના બનાવો, લાલ વસ્તુઓ તેજ થાય. ગોળ, સક્કર, ખાંડ, રૂ, ઘી, તેલ, અળસી, ઘઉંમાં તેજી રહે. ચણાના પાકની ઉપજ સારી થાય. ચોરીભય, દુઃખ, કલેશ વધે. પુષ્કારની મનો મેધ હોવાથી પવન ખૂબ વાય. રોગો, વધે. નાગનું ફળ, વજ દંષ્ટ નામનો નાગ હોવાથી ઓછા વરસાદની અસર ખેતી ઉપર પડે.


મેધના નિવાસનું ફળ :- આ વર્ષે મેધનો નિવાસ ધોબીના ઘેર અને રોહિણી નક્ષત્ર તટ પર પડ્યું હોવાથી વરસાદ ઘણો થાય અને અનાજ પણ પુષ્કળ પાકે.

## સૂર્યનો આર્દ્રા નક્ષત્રમાં પ્રવેશ

વિક્રમ સંવત ૨૦૭૫માં જેઠ વદ ૫, ને શનિવાર તા. ૨૨-૦૬-૨૦૧૯ના દિવસે સાંજના ૧૭ ક. ૨૧ મિનિટે કુંભ રાશિના ચંદ્રમાં, ધનિષ્ઠા નક્ષત્રમાં, વિષકુંભ યોગ, ત્રષકાલ કરણમાં સૂર્ય આર્દ્રા નક્ષત્રમાં પ્રવેશ કરે છે. મેધનો અધિપતિ શનિ હોવાથી વાયુ ઘણો વાય, ક્યાંક વરસાદ થાય. ધાન્યનો વિનાશ થાય. પાંચમા દિવસે સૂર્ય આર્દ્રા નક્ષત્રમાં પ્રવેશ કરે છે જેનું ફળ સારૂ રહે. આ દિવસે ચંદ્ર ધનિષ્ઠા નક્ષત્રમાં છે. જેનું ફળ સારૂ ગણાય. વિષ્કુંભ યોગ પણ સારો ગણાય. આર્દ્રા પ્રવેશ વખતની કુંડળી જોતાં

**તારીખ ૨૨-૦૬-૨૦૧૯**

**સમય ૧૭ ક. ૨૧ મિ. સૂર્ય આર્દ્રા નક્ષત્ર પ્રવેશ કુંડળી**




આર્દ્રા નક્ષત્રમાં સૂર્યનો સાંજના વખતે પ્રવેશ થતો હોવાથી ધાન્યાદિ સારૂ નિપજે, કેન્દ્રમાં ગુરુ શુક્રનો યોગ સારો છે. બુધ ભાગ્ય ભુવનમાં છે. ચંદ્ર કેન્દ્રમાં છે. શુભ ગ્રહો કેન્દ્ર, ત્રિકોણમાં છે, લગ્ન વૃશ્ચિક છે. લગ્નેશ મંગળ આઠમા સ્થાનમાં ખાડામાંરાહુ, સૂર્ય આપે છે. યોગમાં છે. આમ કુંડળી એકંદરે સારી હોવાથી વૃષ્ટિકારક અને વૃષ્ટિનો નાશ કરનાર મંગળ ખાડાના સ્થાનમાં છે. એટલે વરસાદ સારો થવા છતાં વરસાદ અનિયમિત થાય. જ્યાં પડે ત્યાં ઘણો પડે. ખંડ ખંડ દ્રુતિ પત થવાની સંભાવના રહે, બફારો ઉષ્ણતા વધે.

ઉપર્યુક્ત સઘળી બાબતોનું સંકલન કરતાં વિક્રમ સંવત ૨૦૭૫માં પવન ઘણો વાય, વરસાદ મધ્યમાં રહે. ખંડ ખંડ વરસાદ તેમજ વરસાદની અનિયમિતતા પણ જણાય. પાકૃતિક આપદાઓ ઘણી આવે, લોકો ત્રસ્ત થાય, જનહાનિનું પ્રમાણ વધુ રહે, રોગો વધે, કૌભાંડો ખુલે. આમ વિ.સં. ૨૦૭૫નું સંવત્સરી આદિ ફળ ગણાય.

### ચતુઃ સ્તંભ વિચાર, વિ.સં. ૨૦૭૫

સંવત્સરના ચાર સ્તંભોથી હવા, પાણી, અનાજ અને અન્ય કૃષિ ઉત્પાદન અંગેનો વિચાર કરવામાં આવે છે. સંવત્સરની પ્રથમ ચાર પ્રતિપદાને તે દિવસે આવતા નક્ષત્રની સ્થિતિ મુજબ આ ચતુઃ સ્તંભનો વિચાર કરવામાં આવે છે. જેમ કે

(૧) જલ સ્તંભ :- ચૈત્ર સુદ પ્રતિપદાએ રેવતી નક્ષત્રનો સંયોગ જેટલો અધિક મળે છે. એટલો આ સ્તંભ મજબુત ગણાય છે. સામાન્ય રીતે ૫૦ ટકા જેવો તિથિ નક્ષત્રનો યોગ મળે તો સારૂ ગણાય. જો રેવતી નક્ષત્ર પ્રતિપદાથી પણ વધુ રહે તો વધુ સારૂ ગણાય.

વિક્રમ સંવત ૨૦૭૫માં ચૈત્રી સંવત્સર ૧૯૪૧ના પ્રારંભે ચૈત્ર સુદ એકમે રેવતી નક્ષત્ર સવારે ક. ૭-૨૩ મિનિટ સુધી છે. આથી જળસ્તંભ કમજોર છે.

વિશેષ : જલ સ્તંભ અંગે જોતાં, પેયજલનું સંકટ, જલની અસમાન વહેંચણી, ભૂજળમાં કમી. વિ. બાબતોની હરકતો જોવા મળશે.

(૨) તૃણ સ્તંભ : પૂર્વોક્ત નિયમ પ્રમાણે જોતાં વૈશાખ સુદ પ્રતિપદાએ, ભરણી નક્ષત્ર છે. આથી તૃણી (ઘાસનો) સ્તંભ મળે છે.

વિશેષ :- ઘાસ ભુંસુ, મુખ્ય અનાજ, વનસ્પતિ, જડીબુટ્ટિઓની ઉપલબ્ધા થાય.

(૩) વાયુ સ્તંભ :- જયેષ્ઠ સુદ પ્રતિપદાએ મૃગશિર નક્ષત્ર યોગથી આ સ્તંભના બાબતનો નિર્ણય કરાય છે. વાયુ સ્તંભ કમજોર હોય તો તે વર્ષમાં પવનનું તોફાન, ઉત્પાત વિ.નો પ્રકોપ થાય છે. જેઠ સુદ એકમે મૃગશિર નક્ષત્રનો યોગ છે.

વિશેષ :- વૈશાખ, જયેષ્ઠ માસમાં લૂ અને તેજ હવાઓ સાનુકૂળ રહે તે ચોમાસુ વાદળોના સારા સંયોગ ઉભા કરે.

(૪) અન્ન સ્તંભ :- અષાઢ સુદ એકમે, (પ્રતિપદા) પુનર્વસુ નક્ષત્રના સંયોગથી નિર્ણય કરાય છે. અષાઢ સુદ એકમે પુનર્વસુ નક્ષત્રનો યોગ મળે છે. આ સ્તંભ નબળો હોય તો, પાકને હાનિ, ખાદ્યાન્ન ઓછાં નિપજે વિગેરે ફળ મળે.

વિશેષ :- વરસાદ અનિયમિત રહેવા છતાં, ખાદ્યાન્ન, અનાજ ઉત્પાદન એકંદરે ઉપલબ્ધ રહેશે. અન્ન ઉત્પાદન સારૂ રહે.

આર્ષમાન : આર્ષમાન નક્કી કરવા અંગે તિથિ નક્ષત્રનો પૂર્વવત સંયોગથી આર્ષમાનનો નિર્ણય કરવામાં આવે છે. નીચે જણાવેલ ચાર આર્ષમાન, વર્ષ દરમ્યાન દેશની સુરક્ષા, કાનૂન વ્યવસ્થા, સામાજિક સમરસતા, શાંતિ, નૈતિક મૂલ્યો અને સમૃદ્ધિને નિશ્ચિત કરે છે. આર્ષમાનની કમજોરી હોય તો દેશમાં ઉપદ્રવ, બોંબકાંડ, વિસ્ફોટ અનેક પ્રકારના ઉપદ્રવ તેમજ અશાંતિ સૂચક બનાવો, ચારિત્ર્ય હાનિ વગેરે નબળા બનાવો બને છે. આર્ષમાન નીચે મુજબ છે. જેમાં નક્ષત્ર તેમજ તિથિનો જેટલો સંયોગ વધુ તેમ આર્ષમાન મજબૂત ગણાશે.

(૧) આર્ષમાન (૧) વૈશાખ સુદ તૃતીયા અથવા અખાત્રીજ રોહિણી નક્ષત્રનો યોગ હોય તો સારૂ. અખાત્રીજે રોહિણી નક્ષત્રના સંયોગ ૧૬ કલાક ૨૭ મિનિટ સુધી છે.

(૨) આર્ષમાન (૨) પાછલી પોષ અમાસે મૂળ નક્ષત્રનો યોગ. પોષ અમાસે (સમ-ગુજરાતી પંચાગમાં માગરસ માસની અમાસ ગણાશે) મૂળ નક્ષત્રનો યોગ ૧૫ કલાક ૦૮ મિનિટ સુધી મળે છે.

(૩) આર્ષમાન (૩) શ્રાવણ પૂર્ણિમા યા રક્ષાબંધન-શ્રવણ નક્ષત્ર શ્રાવણ પૂનમ રક્ષાબંધને શ્રવણી નક્ષત્રો યોગ ૦૮ કલાક ૦૧ મિનિટ સુધી.

(૪) આર્ષમાન-૪

કારતક પૂર્ણિમાએ કૃતિકા નક્ષત્રનો યોગ. કારતકી પૂનમે કૃતિકા નક્ષત્રનો યોગ, ૧૬ કલાક ૪૧ મિનિટ સુધી મળે છે. ઉપર્યુક્ત યોગ વિક્રમ સંવત ૨૦૭૫ને આશ્રીને જણાવેલ છે. ચૈત્રી માસમાં શાકે ૧૯૪૧ પ્રમાણે જોતાં, કાર્તિક પૂર્ણિમાએ ભરણી નક્ષત્રનો યોગ છે.

સામાન્ય રીતે આર્ષમાન સંવત્સરની રીતે નિર્ણય કરતાં વિ.સં. ૨૦૭૫માં રાજનૈતિક દળોમાં વિરોધ, વિવાદ, સામાન્ય પ્રકારના સંઘર્ષ વિગેરે જોવા મળે. એકંદરે ૨૦૭૫નું વર્ષ શાંતિથી આદિફળ મધ્યમ પ્રકારનું રહે. અનિષ્ટકારી બનાવોમાં પણ શાંતિ સ્થપાઈ શકતી જોવા મળે.

### સંવત્સર(વસા) ચૈત્રી વર્ષ (ગણના પ્રમાણે)

| | | | |
|---|---|---|---|
| વૃષ્ટિ-૧૭ | ઉદ્યમ-૧૧ | ભોજપત્ર-૧૫ | રત્ન-૧૫ |
| ધાન્ય-૦૭ | શાંતિ-૧૩ | સોનુ-૧૧ | ધૃત-૦૭ |
| તૃણ-૧૩ | ક્રોધ-૧૧ | તાંબુ-૧૭ | રક્ષનિષ્પતિ-૦૭ |

| | | | |
|---|---|---|---|
| શીત-૦૭ | અતિવૃષ્ટિ-૦૯ | ચાંદી-૧૭ | ફળનિષ્પતિ-૧૧ |
| ઉષ્ણ-૧૭ | અનાવૃષ્ટિ-૧૧ | લોખંડ-૧૧ | ચોરભય-૧૯ |
| વાયુ-૧૩ | વસ્ત્ર-૧૩ | જનન-૧૫ | અગ્નિભય-૦૩ |
| ક્ષુધા-૦૩ | વી-૧૩ | મરણ-૦૯ | ચારનાશ-૧૭ |
| તૃષા-૧૧ | તેલ-૦૯ | વાત-૦૯ | ભૂતબાધા-૧૧ |
| નિંદ્રા-૧૧ | કુટુંબ-૦૯ | પિત્ત-૧૫ | અંડજ-૧૧ |
| આપસ-૦૫ | ઉર્ણવસ્ત્ર-૦૩ | કફ-૦૩ | સ્વેદજ-૧૩ |
| - | સૌમ્ય-૧૩ | વ્યાધિ-૧૩ | ઉચ્ચાટન-૦૯ |
| - | વલ્કલ-૧૧ | વિગ્રહ-૧૧ | વશીકરણ-૧૧ |
| - | - | ઉંદર-૦૯ | અન્નિપાત-૧૧ |
| - | - | - | નિજધન-૦૩ |
| - | - | - | પરધન-૦૭ |
| - | - | - | પૂણ્ય-૦૧ |
| - | - | - | પાપ-૧૯ |

### અનાજ-કઠોળ વસા (આ માત્ર પૂર્વામસ છે)


| | | |
|---|---|---|
| ઘઉં-૦૯ | તુવેર-૧૫ | વરિયાળી-૧૭ |
| ડાંગર-૦૫ | મગ-૦૭ | ઈસબગુલ-૧૧ |
| બાજરી-૦૯ | અડદ-૧૭ | અજમો-૧૫ |
| જુવાર-૧૭ | ચણા-૧૩ | કોકમ-૧૩ |
| મકાઈ-૧૩ | ચોળા-૧૫ | આમલી-૦૯ |
| જવ-૧૨ | વાલ-૧૧ | સુંઠ-૦૫ |
| તલ-૦૭ | વટાણા-૧૩ | સાકર-૦૯ |
| સરસવ-૦૭ | રાજગરો-૧૭ | શ્રીફળ-૧૭ |
| મગફળી-૧૭ | ધાણા-૧૩ | કપાસ-૧૩ |

## વિક્રમ સંવત-૨૦૭૫

## મકર સંક્રાંતિનું ફળ

**મકર સંક્રાંતિ પ્રવેશ સમયની કુંડળી**

વિક્રમ સંવત-૨૦૭૫ પોષ સુદ-૦૮ સોમવાર તા. ૧૪-૦૧-૨૦૧૯ના રોજ સાંજના ૧૯ ક. ૫૦ મિ. સૂર્ય મહારાજ મકર રાશિમાં પ્રવેશ




કરે છે. આ વખતે મેષ રાશિ અને અશ્વિની નક્ષત્રનો ચંદ્ર છે. સિદ્ધયોગ અને બળ કરણ છે. મૂર્તિ ૩૦ સાન્યાર્ધ છે.

સંક્રાંતિનું આગમન દક્ષિણ દિશામાંથી અને ગમન ઉત્તર તરફનું છે. મુખ પશ્ચિમ દિશાનું છે. દૃષ્ટિ ઈશાન ખૂણા તરફની છે. નામ દવાંક્ષી છે. વૈશ્યને ત્યાં સુખ ભોગવે છે.

સિંહના વાહન ઉપર બિરાજમાન છે. ઉપવાહન હાથીનું છે. સફેદ વસ્ત્ર ધારણ કરેલ છે. કસ્તુરીનું તિલક કરેલ છે. પ્રભુત્વ દેવ જાતિ ઉપર છે. પુષ્પ પુ. નાગનું છે. આભુષણ પ્રવાળના મંગાના ધારણ કરેલ ભોજન સોનાના પાત્રમાં કરે છે. વિચિત્ર પ્રકારની કંચુકી છે. અવસ્થા બેઠેલી જણાય છે. શસ્ત્ર-આયુધ ભૂ શંડીનુ છે.

સંક્રાંતિ પ્રદોષ સમવે થયેલી હોઈ પિશાચોને કષ્ટ રહે. સંક્રાતિ ૩૦ મુ. છે. એટલે મધ્યમ ફળદાયક છે. વાહન સિંહનું હોવાથી અનાજ મોંઘુ-ચોર ભય રહે. સોમવારની સંક્રાંતિ છે આથી બે માસમાં જુવાર, વાલ, મસૂર અને ચણા એ સર્વને હિમ પડવાની ધાસ્તી રહે. અનાજના ભાવમાં ઘટાડો થાય. યુદ્ધભય રહે. સોમવારની સંક્રાતિ હોવાથી ધાન્યનો અધિપતિ સોમ બને છે.

### મકર સંક્રાંતિનું ફળ

ગુરુ ત્રિકોણ સ્થાનમાં છે. અને ગુરુ મંગળનો પરિવર્તન યોગ છે. મંગળ ભાગ્યસ્થાનમાં છે. ચંદ્ર લગ્ન સ્થાનનો માલિક થઈ કેન્દ્રમાં છે. શનિ શત્રુસ્થાનમાં શત્રુવિજય યોગ કરે છે. આમ મકર સંક્રાતિની કુંડળી સારી હોવા છતાં લગ્નમાં રાહુ સાતમેશ ૬ઠ્ઠા સ્થાનમાં સૂર્ય શનિની રાશિમાં કેતુ સાથે હોવાથી આંદોલનો, ઘેરાવ, ભય, પ્રજા અને સરકાર સાથેના સંબધોમાં ઓટ આવે. ભાગીદારી સ્થાન તેમજ લગ્ન સ્થાન નબળાં પડે છે. પ્રજાની તંદુરસ્તીમાં નવા પ્રકારના રોગ આવતાં તંદુરસ્તીની કાળજી લેવી પડે. પડોશીરાષ્ટ્ર તરફથી હરકતો થવાના પ્રયત્ન થતા જોવા મળે.

### સંવત-૨૦૭૫નાં ગ્રહણો

(૧) માર્ગશીર્ષ કૃષ્ણ-૩૦ શનિવાર તા. ૦૫/૦૬-૦૧-૨૦૧૯ ભારતીય દિનાંક-૧૫, પૌષ ૧૯૪૦ આ દિવસે ધનુરાશિમાં થનાર ખંડગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહીં.

(૨) પૌષ શુકલ-૧૫, સોમવાર તા. ૨૧-૦૧-૨૦૧૯ ભારતીય દિનાંક-૧ માધ-૧૯૪૦ આ દિવસે કર્ક રાશિમાં થનાર ખગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાવાનુ નથી.

(૩) જયેષ્ઠ-કૃષ્ણ-૩૦, મંગળવાર, તા. ૦૨-૦૭-૨૦૧૯ ભારતીય દિનાંક-૧૧, આષાઢ ૧૯૪૦ આષાઢ ૧૯૪૦ આ દિવસે મિથુન રાશિમાં ખગ્રાસ

પરમકૃપાળુ પરમાત્મા સૌના જીવનમાં સુખ-શાંતિ અને સ્મૃદ્ધિની શીતળ છાંયડી આપે તેવી મનોકામના સહ....
નૂતન વર્ષાભિનંદન
રાજકમલ કન્સ્ટ્રક્શન
મો. : ૯૮૨૪૨ ૦૦૭૩૬
પ્રો. હાડા કાળુસિંહ એસ.
સરકાર માન્ય કોન્ટ્રાક્ટર, ગાંધીનગર
કોન્ટ્રાક્ટર અને એન્જિનીયર
ફર્મ : સાંઈ રેસીડન્સી - ચિલોડા

નૂતન વર્ષ આપના જીવનમાં પ્રેમનો પરિમલ પ્રસરાવે તેવી શુભકામનાઓ સહ...
નૂતન વર્ષાભિનંદન
પ્રેમબા કે. હાડા
મહામંત્રી - ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિ
: ફર્મ :
: પ્રોપરાઈટ :
ખોડલ એન્ટરપ્રાઈઝ
: પાર્ટનર :
રાજકમલ કન્સ્ટ્રક્શન

અમારા માનવંતા ગ્રાહક મિત્રો, સ્નેહીજનો અને શુભેચ્છકોને
નૂતન વર્ષાભિનંદન...
● ટુ-વ્હીલર વાહનના સ્પેરપાર્ટસ તથા રીપેરીંગના સ્પેશ્યાલીસ્ટ...
● ટુ અને ફોર વ્હીલર વાહનના લે-વેચ માટે સંપર્ક કરો
શક્તિ ઓટો
દુકાન નં. ૧૩, પાટનગર યોજના ભવન પાછળ, સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન : ૨૩૨૨૭૧૮૩
પ્રો. સુરેશ એન. મહેતા
ઉપપ્રમુખ : ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગર
પૂર્વ કોર્પોરેટર : ગાંધીનગર મહાનગરપાલિકા, વોર્ડ નં. ૫
વાઈસ ચેરમેન : દૂધ વાપરનારાઓની સહકારી મંડળી, ગાંધીનગર
સલાહકાર : વિસનગરા નાગર મંડળ, ગાંધીનગર

નૂતન વર્ષાભિનંદન
પંકજસિંહ પ્રવીણસિંહ વાઘેલા
વિજય ઓટો મોબાઈલ
हिन्दुस्तान पेट्रोलियम HP CLUB HP Achcha lagta hai
ડીલર : હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન
વિક્રેતા : સી.એન.જી. ગેસ
તમામ ક્રેડીટ કાર્ડ સ્વીકાર્ય
પ્લોટ નં. ૧૨, 'ચ' માર્ગ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૧૧
ફોન નં. ૨૩૨ ૩૦૬૭૫, મો. ૯૮૨૫૨ ૨૦૯૭૫

માનવંતા ગ્રાહકો, શુભેચ્છકોને નૂતન વર્ષાભિનંદન...
લક્ષ્મી બેકરી
મીઠાં બિસ્કિટ, ખારી બિસ્કિટ, નાન ખટાઈ તેમજ વિવિધ પ્રકારના બિસ્કિટ મળશે.
શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૧૨૦૯